અપીલ અરજી નં.૬૯૧ તા.૧૭–૩–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી હરીવદન હીરાલાલ કેળાવાળા
સામાવાળા :– ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હરીવદન હીરાલાલ કેળાવાળાની તા. ૧૩–૨–૧૨ની અરજીથી વોર્ડ નં. ૯ નોંધ નં. ૨૦૭૭ ટેનામેન્ટ નં. ૦૯બી–૧૫–૦૮૪૧–૦–૦૦૧થી નોંધાયેલ મિલકતમાં પાલીબેન તે ભુખણ અમથાની વિધવા, હીરાલાલ ભુખણદાસ, લક્ષ્મીબેન ભુખણદાસ,રમણબેન ભુખણદાસ, મગનલાલ ઉર્ફે ઠાકોરલાલ ડાહ્યાભાઈ આકારણી દફતરે ઉપરોકત જણાવેલ નામો ચાલુ હતા તેમાંથી મગનલાલ ઉર્ફે ઠાકોરલાલ ગુજરવાથી તા.૧૧–૬–૧૯૭૩ ના સમયગાળા બાદ તેમના વારસદારો લક્ષ્મીબેન તે ઠાકોરલાલ ડાહ્યાભાઈની વિધવા, સુરેન્દ્ર ઠાકોરલાલ, નટવરલાલ ઠાકોરલાલ, બીપીનચંદ્ર ઠાકોરલાલ, મંજુલાબેન ઠાકોરલાલના નામો દાખલ કરતાં સમયે પાલીબેન તે ભુખણ અમથાની વિધવા, હીરાલાલ ભુખણદાસ, લક્ષ્મીબેન ભુખણદાસ, રમણબેન ભુખણદાસના નામો કયા પુરાવાઓને આધારે કમી કરવામાં આવ્યા છે તે જણાવશો તેમજ કમી કરવામાં આવેલ નામો આ સાથે સામેલ કરેલ સીટી સર્વેની નકલ મુજબ દાખલ કરી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૭–૩–૧૨ ની **SMC/FAP/** નં.૬૯૧ /૨૦૧૧–૧૨

શ્રી હરીવદન હીરાલાલ કેળાવાળાની તા. ૧૩–૨–૧૨ની અરજીથી વોર્ડ નં. ૯ નોંધ નં. ૨૦૭૭ ટેનામેન્ટ નં. ૦૯બી–૧૫–૦૮૪૧–૦–૦૦૧થી નોંધાયેલ મિલકતમાં પાલીબેન તે ભુખણ અમથાની વિધવા, હીરાલાલ ભુખણદાસ, લક્ષ્મીબેન ભુખણદાસ, રમણબેન ભુખણદાસ, મગનલાલ ઉર્ફે ઠાકોરલાલ ડાહ્યાભાઈ આકારણી દફતરે ઉપરોકત જણાવેલ નામો ચાલુ હતા તેમાંથી મગનલાલ ઉર્ફે ઠાકોરલાલ ગુજરવાથી તા. ૧૧–૬–૧૯૭૩ ના સમયગાળા બાદ તેમના વારસદારો લક્ષ્મીબેન તે ઠાકોરલાલ ડાહ્યાભાઈની વિધવા, સુરેન્દ્ર ઠાકોરલાલ, નટવરલાલ ઠાકોરલાલ, બીપીનચંદ્ર ઠાકોરલાલ, મંજુલાબેન ઠાકોરલાલના નામો દાખલ કરતાં સમયે પાલીબેન તે ભુખણ અમથાની વિધવા, હીરાલાલ ભુખણદાસ, લક્ષ્મીબેન ભુખણદાસ, રમણબેન ભુખણદાસના નામો કયા પુરાવાઓને આધારે કમી કરવામાં આવ્યા છે તે જણાવશો તેમજ કમી કરવામાં આવેલ નામો આ સાથે સામેલ કરેલ સીટી સર્વેની નકલ મુજબ દાખલ કરી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ના પત્ર નં. એ.આર.ડી./૪૨૩ આકારણી અને વસુલાત વિભાગ તા. ૫–૩–૧૨ થી મળેલા પ્રતિભાવ થી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૭–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા સાથે દફતર ઉપલબ્ધ નહીં હોવા અંગે નાશ કે નિકાલની વિગતો સ્પષ્ટ કરવા** સાથે વૈકલ્પિક દફરત કે રજીસ્ટર પરથી ફેરફારના વાજબીપણા કે કારણોની વિગત આપી શકાય તેમ છે કે કેમ ? તે પણ સ્પષ્ટ થઈ આવવા પત્ર નં. આરટીઆઈ સેલ/૨૦૭૦ તા. ૨૩–૩–૧૨થી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તથા અરજદારને માહિતી સિવાયની કાર્યવાહી હાથ ધરવાની રજુઆત અંગે સક્ષમ સત્તાને અલાયદી રજુઆત આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) ધ્યાને લેતાં કરવી રહે તે જાણશો. માહિતી પૂરતું તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. એ.આર.ડી./૪૨૩ તા. ૧૭–૪–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મૂળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતીના પત્ર નં. એ.આર.ડી./૪૨૩ આકારણી અને વસુલાત વિભાગ તા. ૫–૩–૧૨ની નકલ, ટેના.નં. ૯બી–૧૫–૮૪૧ –૦–૦૦૧થી ૦૦૩ તા. ૫–૪–૧૨નું પાર્ટી સ્ટેટસની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા. ૩–૪–૧૨ થી અરજી પરત ખેંચ્યા અંગેની મૂળ અરજીની નકલ પૂરક વિગતોમાં મળેલ છે.

અરજદારની તા. ૧૩–૨–૧૨ની અરજીથી વોર્ડ નં. ૯ નોંધ નં. ૨૦૭૭ ટેનામેન્ટ નં. ૦૯બી–૧૫–૦૮૪૧–૦–૦૦૧થી નોંધાયેલ મિલકતમાં પાલીબેન તે ભુખણ અમથાની વિધવા, હીરાલાલ ભુખણદાસ , લક્ષ્મીબેન ભુખણદાસ, રમણબેન ભુખણદાસ, મગનલાલ ઉર્ફે ઠાકોરલાલ ડાહ્યાભાઈ આકારણી દફતરે ઉપરોકત જણાવેલ નામો ચાલુ હતા તેમાંથી મગનલાલ ઉર્ફે ઠાકોરલાલ ગુજરવાથી તા. ૧૧–૬–૧૯૭૩ ના સમયગાળા બાદ તેમના વારસદારો લક્ષ્મીબેન તે ઠાકોરલાલ ડાહ્યાભાઈની વિધવા, સુરેન્દ્ર ઠાકોરલાલ, નટવરલાલ ઠાકોરલાલ, બીપીનચંદ્ર ઠાકોરલાલ, મંજુલાબેન ઠાકોરલાલના નામો દાખલ કરતાં સમયે પાલીબેન તે ભુખણ અમથાની વિધવા, હીરાલાલ ભુખણદાસ, લક્ષ્મીબેન ભુખણદાસ, રમણબેન ભુખણદાસના નામો કયા પુરાવાઓને આધારે કમી કરવામાં આવ્યા છે તે જણાવશો તેમજ કમી કરવામાં આવેલ નામો આ સાથે સામેલ કરેલ સીટી સર્વેની નકલ મુજબ દાખલ કરી આપવા વિનંતી. તેમજ તેની જાણ પત્ર દ્વારા મને એટલે કે અરજદારને કરવા વિનંતી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. એ.આર.ડી./૪૨૩ આકારણી અને વસુલાત વિભાગ તા. ૫–૩–૧૨થી નિયત સમય અવઢિધમાં " વોર્ડ નં. ૯ નોંધ નં. ૨૦૭૭ ટેનામેન્ટ નં. ૦૯બી–૧૫–૦૮૪૧–૦–૦૦૧થી નોંધાયેલ મિલકતના સને ૧૯૭૯–૮૦ ના આકારણી દફતર ચકાસણી કરતા સદર મિલકતમાં પાલીબેન તે ભુખણ અમથાની વિધવા, હીરાલાલ ભુખણદાસ, લક્ષ્મીબેન ભુખણદાસ,રમણબેન ભુખણદાસ, મગનલાલ ઉર્ફે ઠાકોરલાલ ડાહ્યાભાઈ નામો ચાલુ હતા. તેમાંથી મગનલાલ ઉર્ફે ઠાકોરદાસ ડાહ્યાભાઈ ગુજરવાથી સીધાવેરા અમલદારશ્રીના તા. ૨૫–૮–૮૦ ના હુકમ મુજબ તેઓના વારસદારો સુરેન્દ્ર ઠાકોરલાલ, નટવરલાલ ઠાકોરલાલ, બીપીનચંદ્ર ઠાકોરલાલ, મંજુલાબેન ઠાકોરલાલ તથા લક્ષ્મીબેન તે ઠાકોરલાલ ડાહ્યાભાઈની વિધવા તથા લક્ષ્મીબેન ભુખણદાસ વિ. નામો દાખલ કરવામાં આવેલ. સદર નામો કયા પુરાવાને આધારે દાખલ કરવામાં આવેલ તે ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતા ઉપલબ્ધ નથી. સને ૧૯૭૯–૮૦ના એસેસમેન્ટ રજીસ્ટરનો ઉતારા પાના નંગ–૪ (મોટા) તેમજ સને ૧૯૮૦–૮૧ ના આકઢારણી દફતરની ઉતારા પાના નંગ–૨ (નાના) મળી કુલ રૂા. ૨૦/– ભરપાઈ કરી મેળવી શકશો. વધુમાં તેઓની માંગણી મુજબ સીટી સર્વેની નકલ મુજબના નામો આકારણી અને વસુલાત વિભાગમાં અલાયદી અરજી કરી દાખલ કરાવી શકશો." તેવું જણાવેલ. જે અંગે અરજદારે સેન્ટ્રલઝોન ખાતે સદર પત્ર સંદર્ભે રસીદ નં. ૧૭૧૪૪૯ તા.૧૨–૩–૧૨થી ભરપાઈ કરેલ છે. જે અંગે અરજદારે સદર મિલકતની ૧૯૭૯–૮૦ની એસેસમેન્ટ રસીદની નકલ રજૂ કરેલ છે. જે અંગે અરજદારે મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા. ૧૭–૩–૧૨ના રોજ અપીલ અરજી કરેલ છે. અપીલ અરજીમાં અરજદારે આકારણી દફતરે પાલીબેન તે ભુખણદાસની વિધવા વિ.ના નામો કયા પુરાવાને આધારે કમી થયેલા છે તેવી રજુઆત કરવામાં આવેલ. જે અંગે અત્રેથી બન્ને પક્ષકારો પાસેથી પત્ર નં. આરટીઆઈ સેલ/૨૦૭૦ તા. ૨૩–૩–૧૨થી પૂરક વિગતો માંગવામાં આવેલ. જેમાં અરજદારને કાર્યવાહીને હાથ ધરવાની રજુઆત અંગે સક્ષમ સત્તાને અલાયદી રજુઆત કરવા જણાવવામાં આવેલ. અરજદાર તરફથી તા. ૩–૪–૧૨ના રોજ પુરી પાડેલ પૂરક વિગતોમાં આકારણી દફતરે મિલકત માલીક પાલીબેન ભુખણદાસ વિ.ના નામો કમી કરવામાં આવ્યા હતા. જે આકારણી ખાતામાં સીટી સર્વેની રજુ કરેલ નકલ મુજબ ફરીથી દાખલ કરવામાં આવેલ હોવાથી અરજદારે તેમની અપીલ અરજી પાછી ખેચી અને દફતરે કરવા જણાવેલ છે. તેમજ જાહેર માહિતી અધિકારીએ આપેલ પૂરક વિગતોમાં કમી કરેલા નામો દાખલ કરવામાં આવેલ છે અને પાર્ટી સ્ટેટસની નકલ પણ રજૂ કરેલ છે. જેમાં સદરહુ નામોનો ઉલ્લેખ કરાયેલ છે. આથી અરજદારના નામો કમી કરવા બાબતેનો હવે કોઈ વિવાદ રહેતો ન હોઈ અને અરજદારે અપીલ અરજી તા. ૩–૪–૧૨ના રોજ પાછી ખેંચેલ હોય, પાછી ખેંચેલ અપીલ અરજી ગ્રાહય રાખી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અરજદારની પ્રથમ અપીલ તા.૧૭–૩–૧૨ ધ્યાને લેતાં ૧૫–૪–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૩૦–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૩–૨–૧૨ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે અરજદારે નામો કમી કરાવવા બાબતેનો પ્રશ્ન હોય જે નામો આકારણી દફતરે દાખલ કરેલ હોઈ, અને તેથી વિવાદનો કોઈ પ્રશ્ન રહેતો ન હોઈ તેમજ અરજદારે તા. ૩–૪–૧૨ના રોજ અપીલ અરજી પરત ખેંચેલ હોય અને દફતરે કરવા જણાવેલ હોય, જે ગ્રાહય રાખી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. "

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૨

(૧) પ્રતિ, ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી– સેન્ટ્રલઝોન .... જાણ તથા અમલ માટે
(૨) શ્રી હરીવદન હીરાલાલ કેળાવાળા,